

# સનરાઈઝ ગ્રુપ દ્વારા વેબીનાર યોજાયો




ગાંધીનગર,તા. ૨૫ સી.એમ. પટેલ કૉલેજ ઓફ ફિઝિયો થેરાપીના પ્રાધ્યાપક ડૉ. પાર્થ ત્રિવેદીએ સનરાઈઝ ગ્રુપ ઓફ ઈન્સ્ટટ્યુટ દ્વારા આયોજિત વેબીનારમાં રિસોર્સ પર્સન તરીકે મહત્ત્વપૂર્ણ પ્રેઝેન્ટેશન આપ્યું હતું.

આ વેબીનાર 'એ.સી. એલ ઈજનેરી રેહેબિલિટેશન' વિષય પર યોજાયો હતો. તેમાં ડૉ. પાર્થ ત્રિવેદીએ તેમના વિષય અન્વયે ખૂબ જ અર્થપૂર્ણ રીતે સમજાવ્યું હતું. આ વેબીનારમાં ૧૦૦ જેટલા ફિઝિયોથેરાપી પ્રોફેશનના લોકોએ ભાગ લીધો હતો.

તેમના આ સફળ વેબીનાર માટે કૉલેજના પ્રિ. કે. વૈટિયનાધન દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# જાયન્ટસ ગ્રુપ દ્વારા સેકટર-૨૩ અને ૨૬માં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ




ગાંધીનગર, તા. ૨૫ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ સેકટર-૨૨ માંથી ઉકાળાનો સામાન મેળવી જાયન્ટ્સ્ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલી ગ્રુપ તથા વોર્ડ-૩ના કાઉન્સિલરના સંયુક્ત સહયોગથી ભેગા મળી ઉકાળાના સામાનને મિક્સ કરી નાની પ્લાસ્ટીંકની બેગમાં ભરી સાત દિવસ સુધી ઉકાળો કેવી રીતે બનાવવો તેની શહેરીજનોને સમજણ આપી હતી. સેકટર-૨૬ની વિરાટનગર સોસાયટી તેમજ આજુબાજુની સોસાયટી, પંચવટી પાર્ક સોસાયટી તથા સેકટર-૨૬ ન્યુ ગ્રીન સિટીના રહીશોને આ ઉકાળાની સ્મોલ બેગનું વિતરણ કર્યું હતું.


જેમાં વોર્ડ-૩ના કાઉન્સિલર તથા જાયન્ટ્સ સાહેલી ગ્રુપના પ્રમુખ શ્રીમતિ નીલાબેન શુકલ, મનીષાબહેન, નીપા દવે, સરોજબા, ગાયત્રી પટેલ, તથા જાયન્ટસ્ મેઈન ગ્રુપના પ્રમુખ વીકેશ પટેલ, સાંકાભાઈ પટેલ, નટુભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, વસંતભાઈ પટેલ તથા જા.વે.ફા.ના બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ સર્વેનો ખૂબ જ સહયોગ મળ્યો હતો.

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે


# 'ઇન્ટિગ્રેશન ઓફ ગેમ એપ્લિકેશન્સ ઈન કલાસરૂમ ટીચિંગ' વિષય પર ઓનલાઇન વર્કશોપ


વલ્લભ વિદ્યાનગર, તા.૨૫ ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈન્ફોમેશન ટેક્નોલોજી એન્જી. ડિપાર્ટમેન્ટ દ્વારા તા.૨૩-૦૫-૨૦૨૦ના રોજ 'ઈન્ટિગ્રેશન ઓફ ગેમ એપ્લિકેશન્સ ઈન કલાસરૂમ ટીચિંગ' વિષય પર ઓનલાઈન વર્કશોપ યોજાયો. જેમાં એક્સપર્ટ તરીકે શ્રેયાંશ ભાવસાર(લર્નિંગ મેનેજર, એમેઝોન ઈન્ડિયા ) ઉપસ્થિત રહ્યા હતા.તેમણે વર્તમાન ટીચિંગ લર્નિંગ પ્રોસેસમાં પરિવર્તનની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ ના માઈન્ડસેટને કેવી રીતે ઓળખવા, લર્નિંગ પિરામિડ, કોમ્પ્લેક્ષ થિયરીનું સીમ્પ્લીફિકેશન, ગેમિફિકેશનના ફંડામેન્ટલ્સ, રેગ્યુલર ટીચિંગમાં તેને અનુરૂપ ઈમ્પ્લિમેન્ટેશન કેવી રીતે કરવું, વિદ્યાર્થીઓનું ટીચિંગ માં કન્ટિન્યુએશન જળવાઈ રહે તે માટે જરૂરી મોટિવેશન,એક્સેલેન્સ માટે રીવોર્ડ,તથા લર્નિંગ દ્વારા ચેલેંજ એક્સેપટન્સ વિષે રસપ્રદ માહતી આપી હતી.

સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે 'વોશિંગ્ટન એકોર્ડ પ્રમાણે ઈન્ડિયન સોસાયટી ફોર ટેકિનકલ એજયુકેશન દ્વારા આઉટકમ બેઝડ એજયુકેશન ની હિમાયત કરવામાં આવી છે જેમાં સંપૂર્ણ એજયુકેશન સિસ્ટમ ને સ્ટુડન્ટ સેન્ટ્રિક બનાવવામાં આવી છે.જોય વિથ લર્નિંગને અનુલક્ષીને ઉપરોક્ત વર્કશોપનું આયોજન સરાહનીય છે.આઈ.ટી એન્જી ના વડા ડૉ. કેયુર બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે ઉપરોક્ત ઓનલાઈન વર્કશોપ નું આયોજન શિક્ષણમા ગેમ એપ્લીકેશનને આવરી ને તેને આધુનિક શિક્ષણ મા કેવી રીતે પરિવર્તિત કરી શકાય તે ઉદ્દેશ્ય થી કરવામાં આવ્યું હતું.








ઉપરોક્ત ઓનલાઈન વર્કશોપમાં ૨૦૦ થી વધારે અદ્યાપકો તથા વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો.ઈવેન્ટ ને સફળ બનાવવા માટે ફેકલ્ટી કોર્ડીનેટર ડૉ.નિલેશ પ્રજાપતિ તથા પ્રો.ચિંતન મહંત , સ્ટુડન્ટ કોર્ડીનેટર્સ હિમાંશુ ઠાકર તથા જૈમિન સિમ્પી એ ઉત્સાહપૂર્વક કામગીરી હાથ ધરી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ તથા અન્ય હોદ્દેદારો એ શુભેચ્છા વ્યકત કરી હતી.

# સુરત આગકાંડના મૃતક બાળકોને જિલ્લા યુવક કોંગ્રેસ દ્વારા શ્રદ્ધાંજલિ



ગાંધીનગર, તા. ૨૫ સુરત વરાછા વિસ્તારમાં ગત વર્ષે બનેલી આગ હોનારત કે જેમાં ટ્યુશન કલાસમાં ગયેલા ગુજરાતના ૨૨ નિર્દોષ બાળકો કે જે સ્થાનિક તંત્રની બેદરકારીના કારણે અગ્નિકાંડમાં હોમાતા કરુણ મોત નીપજ્યાં હતા. આ હોનારતને ૧ વર્ષ પૂર્ણ થતા મૃતક બાળકોને ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ પરિવાર વતી દુઃખની લાગણી સાથે તેમના પરિવારોને પરમ કૃપાળું પરમાત્મા દુઃખ સહન કરવાની શક્તિ અને મૃતાત્માને પરમ શાંતિ મળે તેવી પ્રાર્થના સાથે દીવા પ્રગટાવી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# શિક્ષકનું લોકડાઉનમાં માવજતભર્યું પારિવારિક કલાસર્જન



લોકડાઉનનો બે મહિનાનો લાં...બો સમયગાળો મોટાભાગના લોકો માટે કેમ કરીને પસાર કરવો એ કઠીન બની રહ્યું હતું ત્યારે કલારસિકો માટે નવરાશનો આ સમય નવસર્જન પ્રવૃત્તિ કરવા માટે અત્યંત ઉપયોગી થઈ પડ્યો હતો. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રા. શાળાના શિક્ષક ધર્મેશ કુમાર ડી. ગજ્જરએ લોકડાઉન દરમિયાન કલાપ્રવૃત્તિમાં સતત રત રહીને સ્વયંનું, પત્ની, પુત્ર, પુત્રી તેમજ અન્ય સુંદર પ્રતિકૃતિઓ એ-૪ સાઈઝના પેપર પર કંડારી છે. શિક્ષકે ચિત્રકામ માટે ફક્ત એક જ પ્રકારની પેન્સિલનો ઉપયોગ કરીને પ્રતિકૃતિઓ તૈયાર કરી છે. અસ્સલ ચિત્રો પરથી શિક્ષકનું આ કલાસર્જન પણ ખરેખર દાદ દેવા જેવું અદ્ભૂત છે.

# લોક ડાઉનના સમયમાં ચકલીના બચ્ચાનું પારણુ બંધાતા કેક કાપીને સ્વાગત કર્યું!

'મારાં ઘરે ચકલીએ બચ્ચું મૂક્યું છે. તમે જે માળો બે વર્ષ પહેલાં ભેટ આપ્યો હતો ને એમાં...' અલકેશ મેકવાને ખુશખુશાલ થતાં એના મિત્રને ફોન કર્યો.

વિશ્વ ચકલી દિવસે એ મિત્રે ઓફિસમાં ઘણા બધાંને ચકલી માળા ભેટમાં આપ્યા હતા. જેમાં અલકેશ મેકવાન પણ એક હતા. એણે ઘરે જઈને માળો મુક્યો પણ ત્યાં એક પણ ચકલી ફરકી નહીં. એની પત્ની સુમનને કાયમ વસવસો કે માળામાં ચકલી બચ્ચા મુકે તો આનંદ થાય. એણે મનોમન બાધા રાખેલી કે ચકલીનું પારણું બંધાશે તો કેક આપીશ. અને ભગવાન ઈસુએ ત્રીજા વર્ષે એનું સાંભળી લીધું. લોક ડાઉનના સમયમાં બધું શાંત હતું ત્યારે એક ચકલીનું કપલ અલકેશના ઘરે અવર જવર કરવા લાગ્યું. સુરક્ષિત જગ્યા લાગતાં એમણે ઈંડા એ ચકલીના માળામાં મુક્યા. તેમાંથી એક બચ્ચું આવ્યું... અલકેશ અને સુમન એના બચ્ચાને જોઈને રાજી રાજી થઈ ગયાં. તો ક્રિશ અને અંશ પણ આ સમાચાર સોસાયટીમાં આપી રાજીના રેડ થઈ ગયા. હજુ બચ્ચું તો આઠ દિવસનું હતું ત્યારે તેના માબાપે આવવાનું બંધ કર્યું. અને પછી તો સુમને એના માતાનો વાત્સલ્ય ભર્યો રોલ નિભાવ્યો.


ઘરમાં રહેલી વસ્તુઓ ખવડાવીને આ બચ્ચાનું પાલન-પોષણ થવા લાગ્યું. થોડા દિવસોમાં તો એ ઊડવા લાગ્યું. ક્રિશ અને અંશના હાથ ઉપર બેસવા લાગ્યું. ચકલીનું બચ્ચું પરિવારનું એકદમ હેવાયું છે. હવે તો અલકેશના પરિવારે એના માટે ખોખામાંથી મોટું ઘર બનાવ્યું છે. પણ તે બચ્ચું તો ખુલ્લામાં જ રહે છે. આ પરિવાર જે રૂમમાં ચકલીનું બચ્ચું હોય ત્યાં પંખો પણ બંધ રાખે છે અને ગરમી સહન કરે છે. કારણ



આ બચ્ચું ઘરનાં બધાંની ભાષા સમજે છે. એને બોલાવો તો ઉડીને એના હાથ પર આવીને બેસે છે. તેમના હાથે ખાય છે. સુમન સાથે તો મસ્ત વાતો કરે છે અને એની સોડમાં આવીને લપાઈ જાય છે. વાવોલની શાંતિનગર સોસાયટીમાં ચકલીનો માળો અને આ પરિવાર એકદમ ફેમસ થઈ ગયાં છે. કે બચ્ચું એમાં આવી મરીન ન જાય. એમનું 'કકુ' એક મહિનાનું થતાં જ સુમને કેક કાપીને એનો બર્થ ડે વિશ કરી અને એની બાધા પૂરી કરી છે. એક ચકલીના બચ્ચાએ પરિવારને ઢગલો ખુશીઓ આપી છે. અને કોરોનાના કપરા કાળમાં અલકેશ મેકવાન પરિવારને ખુશી આપી છે.

# હવે, તીડ સંક્રમણ ખેડૂતો માટે પડકાર...

ગુજરાતના ધરતીપુત્ર ખેડૂત હજુ તો કમોસમી વરસાદના મારથી બહાર આવ્યા નથી ત્યાં તો બીજી કુદરતી આપત્તિ તીડના સ્વરૂપે તેમના ઉપર આવી પડી છે. ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા તથા ભાવનગર જેવા કેટલાક જિલ્લાઓના ખેડૂતો ઘણા સમયથી તીડના ઉપદ્રવથી પરેશાન છે. ભારતમાં રાજસ્થાન અને ગુજરાત રાજ્ય પર થયેલો તીડ નો હુમલો છેલ્લા ૨૫ વર્ષ નો સૌથી મોટો છે. આ હુમલામાં ખેડૂતોની સાડા ત્રણ લાખ હેકટર કરતાં વધુ જમીન પ્રભાવિત થઈ છે. આ પહેલા ભારત ઉપર તીડનુ સૌથી મોટુ આક્રમણ ૧૯૯૩ માં થયુ હતુ જેમાં લગભગ ૩.૧૦ લાખ હેકટર જમીન પ્રભાવિત થઈ હતી.



**તીડનો ઇતિહાસ**

ઘણા વર્ષો પહેલા તીડની મોટાભાગ ની પ્રજાતિઓ આફ્રિકામાં જોવા મળી હતી. આફ્રિકાના સોમાલિયા, ઈથોપિયા, કેન્યા જેવા દેશોમાં તેમની સંખ્યા ખૂબ જ હતી ત્યાંથી તે આગળ વધી અરેબિયન પેનુનસેલાના કેટલાક દેશો જેવા કે યમન, ઈરાન, ઈજિપ્ત થઈને સાઉથ એશિયાના પાકિસ્તાન અને ભારત જેવા દેશોને પ્રભાવિત કર્યા. પાકિસ્તાનમાં તીડનું આક્રમણ એટલું જબરદસ્ત હતું કે પાકિસ્તાન સરકારે ફેબ્રુઆરી ૨૦૨૦ માં નેશનલ ઈમર્જન્સી લગાવવી પડી હતી.

**તીડનું જીવનચક્ર**

- માદા તીડ મે થી નવેમ્બર મહિનાની વચ્ચે ઈંડા મૂકે છે. મોનસુન સિઝનથી તેની ઉત્પત્તિ નો સમય ચાલુ થાય છે.
- માદા તીડ આકારમા નર તીડ કરતા મોટી હોય છે. એક માદા તીડ મેટિંગના ૨૪ કલાકમાં જ ઈંડા આપવાનું ચાલુ કરે છે.
- એક માદા તીડ ભીની જમીનમાં ૧૦ થી ૧૫ સેન્ટિમીટર નીચે એક સાથે એક વાર મા ૪૦ થી ૧૨૦ ઈંડા આપે છે. આ માદા પોતાના જીવનમાં બે થી ત્રણ વાર માં ૨૦૦ થી ૨૫૦ ઈંડાં આપી શકે છે.
- આ ઈંડા શરૂઆતમા ચોખાના દાણા જેવા આછા નારંગી રંગના હોય છે. આ ઈંડાને સેવન થવા માટે બે અઠવાડિયા જેટલો સમય લાગતો હોય છે.
- ઈંડામાંથી શિશુ હોપર (નિમ્ફ) બને છે. તે કાળા કે ભૂરા રંગના હોય છે અને ઉડી શકતા નથી.
- પુખ્ત તીડ બનતા બે થી ચાર અઠવાડિયા જેટલો સમય લાગે છે, પરંતુ ખોરાક અને તાપમાનની પરિસ્થિતિ મુજબ આ સમય છ મહિના સુધીનો હોઈ શકે છે. તે શરૂઆતમા ગુલાબી રંગના ત્યારબાદ ભૂરા કે પીળા રંગના બને છે.
- તીડ પોતાના વિકાસ દરમિયાન પાંચ અલગ અલગ અવસ્થાઓમાંથી પસાર થાય છે.

**તીડની વિશેષતાઓ**

- તીડ એ ગ્રાસહોફર પ્રજાતિના જીવજંતુ છે.
- તીડ ખૂબ જ મોટી સંખ્યામા એકત્રિત થાય તેને સ્વોર્મ કહેવામા આવે છે. તે લાખોની સંખ્યામાં હોય છે. અનેક સ્વોર્મ એકત્રિત થઈ તીડ પ્લેગ બનાવે છે. તીડ એ પ્લેગની જેમ ખૂબ જ ઝડપથી ફેલાતા હોવાથી તેની તીડપ્લેગ કહેવામા આવે છે.
- પૃથ્વીનો પાંચમો ભાગ અને કુલ વસ્તી નો દશમો ભાગ તીડથી પ્રભાવિત છે.
- તીડ સ્વોર્મ એક દિવસમાં ૧૦૦ થી ૧૫૦ કિલોમીટર સુધી હવામા લાંબો સમય સુધી સતત ઉડી શકે છે. તીડની ઉડવાની ઝડપ ૧૦ થી ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની હોય છે. તીડ હવાની દિશામાં જ ઉડે છે તેથી તેની એનર્જી ઓછી વપરાય છે અને વધુમાં વધુ સમય સુધી ઉડી શકે છે.
- તીડ એક દિવસમા પોતાના વજન જેટલું ખાઈ શકે છે.
- તીડ સ્વોર્મ એક દિવસમાં ૩૫ થી ૪૦ હજાર જેટલા લોકો ખાય તેટલુ ખાવાનું હજમ કરી દે છે.
- તીડ સ્વોર્મ વરસાદી વાતાવરણ અને ઓછા તાપમાન તરફ વધારે આકર્ષાય છે.
- ભારતમાં અલગ-અલગ વર્ષે દસ વખત તીડ નો હુમલો થઈ ચૂક્યો છે.
- ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન(FAO) અને લોકસ્ટ વૉનિંગ ઓર્ગેનાઈઝેશન જેવી સંસ્થાઓ તીડ નિયંત્રણ અને દેખરેખ માટે કામ કરે છે.

- જીગર બારોટ

## ડાયરેક્ટ ❤ સે

જો તમે કર્મોમાં માનતા જ હો તો પછી તમારા દુઃખોની કદી ફરિયાદ ના કરતા...

## જન્મદિને વધામણી



જતીનભાઈ જે દવે
મો. ૯૯૨૪૩ ૪૩૬૮૯



અશ્વિનભાઈ વી દેસાઈ
મો. ૯૧૭૩૬ ૩૦૩૭૨



વૈભવ ચિરાગભાઈ વ્યાસ
મો. ૯૯૦૯૮ ૩૫૬૬૩



શરદ જે વઘાસીયા



રમણીક ભાઈ પટેલ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



પ્રકાશજી મોતીજી ઠાકોર
રેડક્રોસ



મિલિ ટાટરિઆ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક